# સતત બીજા દિવસે ફાયર વિભાગની કાર્યવાહી

**શહેરના પ્રથમ ખાનગી કોમર્શીયલ કોમ્પ્લેક્ષ સુમન ટાવરની ૧૭, શાલીનની ૨૭ દુકાનો-ઓફિસ સીલ, હવેલી આર્કેડના ૩૭ એકમો સામે સીલીંગ કાર્યવાહી, તંત્રની કાર્યવાહીને લઈ વેપારીઓમાં ભય, સીલીંગ કાર્યવાહીને અટકાવવા માટે એડીચોટીનું જોર**











ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં ફાયર એનઓસી વિના ધમધમતા હાઈરાઈઝ બિલ્ડીંગની ઓફિસ-દુકાનોને તંત્ર દ્વારા સીલ મારવામાં આવી રહ્યા છે. શહેરમાં સીલીંગ કાર્યવાહીને લઈ ચોતરફ ચર્ચાઓ ચાલી રહી હતી. તેમ છતા મંગળવારના રોજ સતત બીજા દિવસે પણ સવારથી સીલીંગની ઝુબેશ યથાવત રહેવા પામી હતી. હવેલી આર્કેડની બાકી રહી ગયેલી ૩૭ દુકાનો સામે સીલીંગની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ત્યારબાદ શાલીન કોમ્પ્લેક્ષના ૨૭ અને સુમન ટાવરના ૧૭ એકમોને પણ સાંજ સુધીમાં સીલ કરી દેવામાં આવ્યા હતા.

ગાંધીનગર શહેરમાં માત્ર ૨૮૧ એકમો પાસે જ માત્ર ફાયરની એનઓસી છે. જયારે બાકીના ૪૨૮ એકમો એનઓસી વિના જ ધમધમી રહ્યા છે. રાજયના શિક્ષિત પાટનગરમાં જ નાગરીકો ફાયર એનઓસી લેવામાં કેમ બેદરકાર છે તે સમજાતુ નથી. રાજયમાં આગની ઘટનાઓને પગલે ફાયર વિભાગ દ્વારા વારંવાર ફાયર એનઓસી માટે નોટીસ પાઠવવામાં આવી હતી. પરંતુ જાડી ચામડીના એકમો ધારક નોટીસને ઘોળીને પી ગયા હતા. ત્યારે ગતરોજ ફાયર વિભાગની ટીમ દ્વારા સવારથી સેકટર-૧૧ અભિષેક બિલ્ડીંગ અને હવેલી આર્કેડ બિલ્ડીંગમાં સીલીંગની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેથી વેપારીઓ-ઓફિસધારકોમાં ભય ફેલાયો હતો. પરંતુ તેમ છતા કેટલાક વ્યકિતઓને સીલીંગ કાર્યવાહી અટકી જશે તેમ લાગી રહ્યું હતું. પરંતુ સતત બીજા દિવસે પણ સીલીંગની કાર્યવાહી યથાવત રહેવા પામી હતી. જેમાં હવેલી આર્કેડમાં બાકી રહી ગયેલી ૩૭ દુકાનોને સીલ મારી દીધા બાદ શાલીન કોમ્પ્લેક્ષનો વારો આવ્યો હતો. જેમાં ૨૭ એકમો સામે સીલીંગની કાર્યવાહી હાથ ધરાઈ છે. જયારે મોડીસાંજે સુમન ટાવરમાં તંત્રની ટીમે સપાટો બોલાવતા ૧૭ એકમો સીલ મારી દીધા હતા. જેને પગલે વેપારીઓ, ઓફિસ ધારકો પોતાનો સામાન ખસેડી રહ્યા હતા. જયારે સેકટર-૧૧ ખાતે સીલીંગની કાર્યવાહીને પગલે વેપારીઓના ટોળા ઉમટ્યા હતા. જયારે કર્મચારીઓ ક્રિકેટ અને અન્ય ગેમ રમીને સમય પસાર કરતા હતા. ત્યારે અગામી સમયમાં પણ તંત્રની ટીમ ત્રાટકશે અને સીલીંગની કામગીરી પુરજોશમાં કરશે.

મોડી સાંજે મળતી માહિતી મુજબ સેક્ટર-૧૧ના વેપારીઓનું પ્રતિનિધિ મંડળ મહાનગર પાલિકાના સત્તાવાળાઓને મળ્યું હતું. વેપારીઓએ ફાયર સુવિધા અંગે તાકિદે વર્ક ઓર્ડર આપવાની પણ બાંહેધરી આપી હતી. મળતી માહિતી મુજબ શાલીન સંકુલના વેપારી એસોસીએશને ૧૧મીનો વર્ક ઓર્ડર પણ બતાવ્યો હતો. જોકે સત્તાવાહકોએ રજૂઆતો માત્ર સાંભળી હતી.

### સેકટર-૧૧ ખાતે મુખ્ય દુકાનોને સીલ

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ ખાતે હવેલી આર્કેડમાં સીલીંગની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં સબ-વે, ડોમીનોઝ પીઝા, સેફઝોન, રાધે સ્વીટ્સ, કબીર મોબાઈલ, અને આઈકેર જેવી મહત્વની દુકાનનો પણ સમાવેશ થાય છે.

# ગિફ્ટ સિટીમાં તમામ એક્સચેન્જ કામ કરતાં થઈ જશે

**ગુજરાતની પહેલી ઇન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સિટીમાં બીએસઇ, એનએસઇ અને એમસીએક્સ છ મહિનામાં કામ શરૂ કરશે**

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક (ગિફ્ટ) સિટીમાં ભારતના ત્રણ મુખ્ય અને મોટા બુલિયન એક્સચેન્જ કામ કરતાં થઈ જશે. આગામી ચાર થી છ મહિનામાં એટલે કે ૨૦૨૧ના મધ્ય સુધીમાં ગિફ્ટ સિટી પ્રથમ સ્પોટ બુલિયન એક્સચેન્જ મેળવશે. ગિફ્ટ સિટીના ઉચ્ચ અધિકારીએ કહ્યું હતું કે આ સિટીમાં એક્સચેન્જ સ્થાપવા માટેના નિયમો સૂચિત કરવામાં આવ્યા છે. ગિફ્ટ સિટીના વિશેષ આર્થિક ક્ષેત્ર એટલે કે એસઈઝેડમાં મુંબઈ સ્ટોક એક્સચેન્જ, નેશનલ સ્ટોક એક્સચેન્જ અને મલ્ટી કોમોડિટી એક્સચેન્જ જેવા ત્રણેય મોટા ભારતીય એક્સચેન્જ ઔપચારિકતા પૂર્ણ કર્યા પછી શરૂ થશે, જે આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટેનું સ્થળ બનશે. નેશનલ સ્ટોક એક્સ્ચેન્જને આશા છે કે ગિફ્ટ સિટીમાં ચાલતી તેની પેટા કંપની એનએસઈ આઈએફએસસીનું ટ્રેડીંગ વોલ્યુમ વધારે મજબૂત થશે. એનએસઈ માટે કોમોડિટીઝ ફ્યુચર્સ ટ્રેડિંગ કમિશન (સીએફટીસી) ઉપરાંત એનએસઇ આઈએફએસસી માટે પણ મંજૂરી મળી ગઈ છે. ઉલ્લેખનીય છે કે ગિફ્ટ સિટી ફાઈનાન્સિયલ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન છે. લાંબાગાળાનો મૂડી નફા વેરો લાદવામાં આવ્યા પછી વિદેશી બજારોમાં શિફ્ટ થતાં વોલ્યુમને અટકાવવા માટે બીએસઈ અને એનએસઈએ સિંગાપોર અને દુબઈને તેમનો ડેટા શેર કરવાનું બંધ કર્યું હતું. ઓફશોર માર્કેટમાં એનએસઈ નિફટી સિંગાપોર એક્સ્ચેન્જ પર અને બીએસઈ સેન્સેક્સ દુબઈ ગોલ્ડ એન્ડ કોમોડિટી એક્સ્ચેન્જ માર્કેટ પર ટ્રેડ થતો હતો.

## જુના નવા સચિવાલય વચ્ચેના વિસ્તારમાંથી ગાંડા બાવળના વૃક્ષોની કટોતી કરાશે

ગાંધીનગર તા ૧૫

શહેરના જુના અને નવા સચિવાલય વચ્ચેના રોડ નં -૪ પાસે ગાંડા બાવળોનુ પ્રમાણ વધી ગયુ છે. સચિવાલયના ગેટ તેમજ સ્ટેટ બેંક પાસેના વિસ્તારમાં ગાંડા બાવળના લીધે હરિયાળી સામે ખતરો મંડરાય છે. વનતંત્ર દ્વારા શહેરમાં ગાંડા બાવળના વૃક્ષોની કટોતી કરી નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવે છે. ત્યારે આ વિસ્તારમાં પણ બાવળના વૃક્ષોની કટોતી કરી નવા રોપાઓની વાવણી કરી હરિયાળી નિખારવામાં આવશે.

શહેરના મુખ્ય માર્ગો ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગોની આસપાસ હરિયાળા વૃક્ષોની વનરાજી જોવા મળી રહી છે. સેકટરોમાં બીજીતરફ ઉભા અને સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. ત્યારે વનતંત્ર દ્વારા આ પ્રકારના વૃક્ષોનો

● અનુસંધાન પાન-૭ પર



ડિસેમ્બર મહિનાના મધ્યમાં વાતાવરણમાં ફેરફાર થઈ રહ્યો છે. માવઠુ પડ્યા બાદ ટાઢોડુ છવાયુ છે. હજુ આકાશમાં ક્યારેક ક્યારેક વાદળો જોઈ શકાય છે. વાદળોની સાથોસાથ ઠંડો પવન ફુંકાતા ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બની ગયુ છે. બેઠો ઠાર પડી રહ્યો છે અને સુસવાટા મારતા પવન ફુંકાતા ઘરમાં પણ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવુ પડી રહ્યુ છે. આવુ જ વાતાવરણ હજુ ચાર દિવસ રહી શકે છે. ઠંડીમાં પણ વધારો થઈ શકે છે.

# શહેર-જિલ્લામાં વધુ ૫૧ કેસ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૫૧ કેસ મળી આવ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી દર બે દિવસે જિલ્લામાં ૧૦૦ કેસ મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

આજે ૩૦ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને શહેરમાંથી વધુ ૨૧ કેસ મળી આવ્યા છે. કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. આજે પણ ગાંધીનગર તાલુકામાંથી ૧૪ કેસ તો કલોલમાંથી ૧૩ કેસ મળી આવ્યા છે આ બન્ને તાલુકામાં કોરોના જે રીતે વકરી રહ્યો છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

કોરોનાના દર્દીઓ હવે હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ ને વધુ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરી વધવા પામી છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી ૬ દર્દીઓને હોસપિટલમાં તો એક દર્દીને એસ.ટી.સી. કોવિડ કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવેલ છે.

મોટીવયના દર્દીઓ તેમજ મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યા સાથે યુવાઓ પણ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૩૦ કેસમાં ૧૪ કેસ ગાંધીનગરમાંથી ૧૩ કેસ કલોલમાંથી, દહેગામમાંથી ૨ કેસ તેમજ માણસામાંથી ૧ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં વાસણા હડમતિયા ગામેથી ૪ કેસ, કોબામાંથી ૩ કેસ, અડાલજમાંથી ૨ કેસ, રાયસણમાંથી ૨ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત રૂપાલ, અંબાપુર, સુઘડમાંથી કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાં કડજોદરા અને હાલીસા ગામેથી કેસો મળી આવેલ છે.

માણસા તાલુકાના બિલોદરા ગામેથી પણ એક કેસ મળી આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગરમાં ૧૪, કલોલમાં ૧૩, દહેગામમાં ૨, માણસામાં ૧ કેસ : સે. ૨ માં ૪ કેસ, સે. ૨૧ માં ૩ કેસ સહિત શહેરમાં વધુ ૨૧ કેસ નોંધાયા**

## શહેરમાં પુરૂષો વધુ સંક્રમિત થયા અને સાજા થયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં કોરોનાનો રિકવરી રેટ ૮૮.૭૫ ટકા પર પહોંચ્યો છે. જેમાં પુરૂષોનો રિકવરી રેટ ૮૯.૦૨ ટકા અને મહિલા દર્દીઓનો રિકવરી રેટ ૮૭.૦૮ ટકા નોંધાયો છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. મળતી વિગતો પ્રમાણે ૨૫૮૨ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા છે. જેમાં ૧૮૭૪ પુરૂષ દર્દીઓ છે જ્યારે ૯૦૯ મહિલા દર્દીઓને ડિસ્ચાર્જ અપાયા છે. આ આંકડા બે દિવસ જુના છે પણ મહિલાઓની સરખામણીએ પુરૂષ દર્દીઓનો રિકવરી રેટ વધુ છે. જો કે મહિલાઓની તુલનામાં પુરૂષો વધુ સંક્રમિત થયા છે.

મળતી વિગતો પ્રમાણે ૨૯૦૯ દર્દીઓ બે દિવસ અગાઉ નોંધાયા હતા જેમાં ૧૮૭૪ પુરૂષ દર્દી હતા અને ૧૦૩૫ મહિલા દર્દીઓ નોંધાયા હતા.

જે દર્દીઓ નોંધાયા છે તેમાં ૫૦ થી વધુ વયના દર્દીઓની સંખ્યા ૧૩૫૧ જેટલી થવા જાય છે. જ્યારે ૧૪૪૮ દર્દીઓની આયુ ૨૧ થી ૫૦ વર્ષની વચ્ચેની છે. જ્યારે ૦ થી ૨૦ વર્ષની વયજૂથના દર્દીઓની સંખ્યા ૧૧૦ જેટલી છે.

**શહેરનો રિકવરી રેટ ૮૮.૭૫ ટકા : પુરૂષ દર્દીઓનો રિકવરી રેટ ૮૯.૦૨ ટકા તો મહિલાઓનો ૮૭.૦૮ ટકા : શહેરમાં ૧૩૫૧ દર્દીઓ ૫૦ થી વધુ વયના તો ૧૪૪૮ દર્દીઓ ૨૧ થી ૪૦ વર્ષની વયના નોંધાયા છે**

મોટીવયના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે તેમજ મહિલા દર્દીઓની સંખ્યા પણ જે રીતે વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં ૨૫૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

શહેરમાં ૨૦૦થી વધુ કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૩ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

# ૧૫મા નાણાં પંચના વિકાસના કામોની મંજૂરી ૧૯મી ડિસેમ્બર સુધીમાં આપવા તાકીદ

ગાંધીનગર, તા. ૧૫

રાજયમાં પંચાયતોની ચૂંટણીના પડધમ સંભળાઈ રહ્યા છે ત્યાં ૧૫મા નાણાં પંચના પંચાયતોના કામો જે મંજૂરીની રાહ જોઈ પડ્યા છે તેનો ૧૯મી ડિસેમ્બર સુધીમાં પ્રાથમિક મંજૂરી આપી દેવામાં આવે તેવી સૂચનાઓ આપવામાં આવી છે.

પંચાયતો દ્વારા ૧૫મા નાણાં પંચમાંથી ૫૦ ટકા રકમમાંથી જે વિકાસ કામો હાથ ધરવાના થાય છે તેને મંજૂરી મળી નહિ હોવાથી આ કામો હાથ ધરી શકાયા નથી તેવી રજુઆતો સરકારને મળતાં તંત્ર હરકતમાં આવ્યુ છે.

વિકાસ કમિશનરે આ અંગે પત્ર લખી પ્રાથમિક મંજૂરી આ આયોજનોના કામોને ૧૯મી ડિસેમ્બર સુધીમાં આપી દેવામાં આવે તેમજ તેના પ્લાન, એલ્ટીમેટ બની આવે તે પછી વહીવટીય અને તાંત્રિક મંજૂરી પણ ઝડપથી મળે તે જોવા માટે કડક તાકીદ કરી છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જાન્યુઆરી મહિનામાં આ કામો ચાલુ થાય અને વિકાસને નવો વેગ મળે તે હેતુથી સરકારે આ સૂચનાઓ આપી છે. ૧૫મા નાણાં પંચની ગ્રાન્ટ ઘણા વખતથી પંચાયતો પાસે વણ વપરાયેલી પડી રહી છે હવે તેનુ પ્રથમ વર્ષ પણ પૂર્ણ થવાની આડે ત્રણ મહિના જેટલો જ સમય બાકી રહ્યો છે.

ગ્રામ પંચાયતોને ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી ૫૦ ટકા રકમ વિકાસના કામો માટે અને ૫૦ ટકા રકમ જે ટાઈડ ગ્રાન્ટ તરીકે છે તેના કામોની પણ અલગ માર્ગદર્શક સૂચનાઓ છે. હાલ વિકાસના આયોજનો જે પંચાયતોમાં મંજૂરી માટે અટવાઈને પડ્યા છે તેને પહેલાં તાકીદે મંજૂરી આપવાની સૂચનાઓ અપાઈ છે.

કેટલા ગામોમાં મંજૂરી અપાઈ તેની તેમજ કેટલા કામો જાન્યુઆરીમાં શરૂ થઈ શકશે તેવી વિગતો સાથે અહેવાલ પણ જિલ્લાઓને મોકલવાની સૂચના હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com